# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૫ તા.૦૩-૦૭-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વર્ષ :૨૦૨૨-૨૩ માટે PM YASASVI Pre Matric & Post Matric Scholarship યોજના અંતર્ગત OBC,EBC and DNT જાતિના વિદ્યાર્થીઓના આધાર નંબર બેંક ખાતા સાથે લીંક/Adhar Enable for DBT કરાવવા બાબત.

સંદર્ભ :- ૧. નં/નાની/વિજા/જામેઅ/૨૦૨૩-૨૪/૧૪૩૧ જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીનો તા.૨૬-૦૬-૨૦૨૩નો પત્ર.

૨. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિજાક/ શિક્ષક/ PFMS /૨૩-૨૪/૪૮૬ તા.૧૩-૦૬-૨૦૨૩

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે ધો.૧ થી ૮ માં અભ્યાસ કરતા OBC,EBC and DNT જાતિના વિદ્યાર્થીઓની ભારત સરકારશ્રીની PM YASASVI અમબ્રેલા યોજના પૈકી Pre Matric & Post Matric Scholarship યોજનાની શિષ્યવૃત્તિ ચુકવણીમાં ફેરફાર કરવામાં આવેલ છે. આ યોજનાઓ હેઠળ ભારત સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ SNA Account મારફતે PFMS Portal થી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવાની થાય છે. જે અન્વયે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દિલ્હી દ્વારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું ચુકવણું PFMS Portal થી આધારબેઝ કરવા જણાવેલ છે એટલે કે આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હોય તેમા જ પેમેંટ કરવાનું રહેશે. જે વિદ્યાર્થીઓના આધારનંબર બેંક ખાતા લીંક ના હોય/ Adhar DBT Enable ના હોય તેવા વિદ્યાર્થીઓને તેમજ શાળાઓને આ સાથે સામેલ સંદર્ભિત પત્ર મુજબ પાલન કરવાનું રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૩-૦૭-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

અગત્યની નોંધ :-

વિષય :- પીએમ. પોષણ યોજના હેઠળ બાલવાટિકાના લાભાર્થી બાળકોને AMS Portal પર ડેટા એન્ટ્રી કરવા બાબત.

સંદર્ભ :- નં.મભય/અશ/વહટ/વશી ૩૪૯ થી ૩૫૧ /૨૦૨૩ જા.નં. ૮૦૩ થી ૮૦૫ તા.૨૩-૦૬-૨૦૨૩

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત નિયત કરવામાં આવેલ માળખા મુજબ ૫(પાંચ) થી ૬(છ) વર્ષના બાળકો માટે ધોરણ - ૧ પહેલાનું વર્ષ બાલવાટિકા તરીકે ઓળખાશે. જે અન્વયે ૨૦૨૩-૨૪ના નવા શૈક્ષણિક સત્રથી પહેલી જુનના રોજ પાંચ વર્ષ પુરા કરનાર બાળકોને બાલવાટિકામાં પ્રવેશ આપવામાં આવેલ છે. ધો.૧ થી ૫ના બાળકોને પીએમ. પોષણ યોજના હેઠળ જે પ્રમાણ અને દર મુજબ ભોજન આપવામાં આવે છે તે જ પ્રમાણે બાલવાટિકાના બાળકોને ભોજન આપવાનું નિયત કરવામાં આવેલ છે. હાલમાં MDM AMS Portal /AMS Mobile Application પર બાલવાટિકના લાભાર્થી બાળકોની સંખ્યા દર્શાવવા માટે જરૂરી સુધારા વધારા કરવામાં આવેલ નથી. આથી સુધારાઓ કરવામાં ન આવે ત્યાં સુધી માત્ર AMS Portal પર માત્ર ડેટા એન્ટ્રી કરવાના હેતુથી જ પીએમ.પોષય યોજના અંતર્ગત બાલવાટિકાના લાભાર્થી બાળકોનો સમાવેશ ધો.૧ના બાળકોમાં કરીને દર્શાવવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૩-૦૭-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

પરીપત્ર

અગત્યનં/સમયમર્યાદા

નં/નાની/વિજા/જામેઅ/૨૦૨૩-૨૪/૬૪૩૨

જિલ્લા નાયબ નિયામક

વિકસતિ જાતિ કલ્યાણની કચેરી

ઇ બ્લોક પહેલો માળ બહુમાળી ભવન,

મંજુશ્રી મીલ કમ્પાઉન્ડ,ગિરધરનગર

અસારવા અમદાવાદ

Email-dydir-ddc-ahm@gujarat.gov.in

તા.૨૨/૦૬/૨૦૨૩
૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

..........................................

..........................................

..........................................

વિષય:- વર્ષ : ૨૦૨૨-૨૩ માટે PM YASASVI Pre Matric & Post Matric Scholarship યોજના અંતર્ગત OBC,EBC and DNT જાતિના વિદ્યાર્થીઓના આધાર નંબર બેંક ખાતા સાથે લીંક / Adhar Enable for DBT કરાવવા બાબત.

સંદર્ભ :- નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિજાક/શિક્ષક/PFMS/૨૩-૨૪/૪૮૬ તા.૧૩/૦૬/૨૦૨૩.

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ભારત સરકારશ્રીની PM YASASVI અમ્બ્રેલા યોજના પૈકી Pre Matric & Post Matric Scholarship યોજનાની શિષ્યવૃતિ ચુકવણીમાં ફેરફાર કરવામાં આવેલ છે. આ યોજનાઓ હેઠળ ભારત સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ SNA Account મારફતે PFMS Portal થી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ચુકવવાની થાય છે. જે અન્વયે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દિલ્હી દ્વારા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનું ચુકવણું PFMS Portal થી આધારબેઝ કરવા જણાવેલ છે એટલે કે આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હોય તેમા જ પેમેંટ કરવાનું રહેશે. જે વિદ્યાર્થીઓના આધારનંબર-બેંક ખાતા લીંક ના હોય / Adhar DBT Enable ના હોય તેવા વિદ્યાર્થીઓને તેમજ શાળા/કોલેજ/સંસ્થાઓને નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૧. જે વિદ્યાર્થીનું Adhar Card અપડેટ ના હોય inActive તો તેવા વિદ્યાર્થીએ Adhar Center પર જઈને પોતાની KYC ની વિગતો આપી પોતાનું Adhar Card અપડેટ કરાવવાનું રહેશે.

૨. જે વિદ્યાર્થીનું Bank Account અપડેટ ના હોય inActive તો તેવા વિદ્યાર્થીએ પોતાની Bank Branch માં જઈને પોતાનું Bank Account Active કરાવવાનું રહેશે.

૩. જે વિદ્યાર્થીનું આધાર નંબર બેંક ખાતા સાથે લીંક નથી તેવા વિદ્યાર્થીએ પોતાની Bank Branch માં જઈને આધાર નંબર બેંક ખાતા સાથે લીંક કરાવવાનું રહેશે તેમજ બેંક મારફતે લીંકની વિગત NPCI Server પર મોકલવા બેંક અધિકારીને જણાવવાનું રહેશે.

(જેથી વિદ્યાર્થીનો બેંક એકાઉન્ટ Adhar Enable for DBT થયેથી PFMS મારફતે અત્રેથી શિષ્યવૃતિ ચુકવી શકાય વિદ્યાર્થીનું બેંક ખાતુ આધાર નંબર સાથે લીંક થયેલની વિગતો NPCI Server પર Active છે કે નહિ તે Digital Gujarat Portal પરથી નીચેના ત્રણ Login થી Check કરી શકાય છે.)

આચાર્યશ્રી દ્વારા

- શાળા/કોલેજ/સંસ્થાનો Login-Utility-Adhar Bank Seeding Status

વિદ્યાર્થીનું

- Login-Utility-Adhar Bank Seeding Status

આમ સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃતિનું ચુકવણું કરી શકાય તે માટે ઉકત તમામ વિગતો ધ્યાને લઇ શાળા/કોલેજ/સંસ્થાઓએ આપની કક્ષાએથી વિદ્યાર્થીઓને ઝડપથી માહિતગાર કરવા જાણાવવામાં આવે છે. વધુમાં વિદ્યાર્થીઓના આધાર નંબર – બેંક ખાતા સાથે લીંક / Adhar Enable for DBT કરાવવા શાળા/કોલેજ/સંસ્થાઓએ અચુક ધ્યાન આપીને આ કામ નિયત સમયમર્યાદામાં ચોકસાઈથી પૂર્ણ કરવા આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

PM YASASVI અમ્બ્રેલા યોજનાના પ્રશ્નો અન્વયે જરૂર જણાયે તો કચેરીમાં રૂબરૂ અથવા ટેલીફોન નં. ૦૭૯- ૨૯૭૦૧૧૨૦ પર સંપર્ક કરવા જાણાવવામાં આવે છે.

આ સાથે આધાર બેક સાથે લિંક ની ચેક કરવા માટેની માર્ગદર્શિકા સામેલ રાખેલ છે.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ,અમદાવાદ

નકલ રવાના :-

(૧) શાસનાઅધિકારીશ્રી(અમદાવાદ મ્યુ કોર્પોરેશન) તરફ જાણ તેમજ આપના હસ્તકની શાળાઓને જરૂરી કાર્યવાહી કરવા સુચના આપવા સારૂ

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(શહેર) તરફ જાણ તેમજ શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સુચના આપવા સારૂ.

(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત અમદાવાદ તરફ જાણ તેમજ આપની કક્ષાએથી જરૂરી સુચના આપવા સારૂ.

(૪) તાલુકાપ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તાલુકા- ધોળકા,બાવળા,દસ્ક્રોઇ,સાણંદ,વિરમગામ,ધંધુકા-ધોલેરા,દેત્રોજ તરફ આપના તાબાની પ્રાથમિક શાળાઓને ઉકત વિગતો મુજબ કાર્યવાહી કરવા જરૂરી સુચના આપવા સારૂ

નકલ સવિનય રવાના :-

(૧) માન.નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ.

# નાયબ કલેકટર પી.એમ.પોષણ યોજના શાખા

બાલ ભવન,રામબાગ,મણીનગર,અમદાવાદ-૩૮૦૦૦૮

ફોન.ન.૦૭૯-૨૫૪૬૧૩૯૩ E-mail:- maninagarmdm@gmail.com


નં.મભય/અશ/વહટ/વશી-૩૫૮/૨૦૨૩ જા.નં.- ૮૦૩ થી ૮૦૫

તા.૨૩/૦૬/૨૦૨૩

૧) પ્રતિ,

શાસનાધિકારીશ્રી,

ન.પ્રા.શિ.સમિતિ, સ્કાઉટ ભવન ,

પી.ટી.કોલેજ પાસે, નારાયણનગર રોડ,

પાલડી, અમદાવાદ.

૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

અમદાવાદ શહેરી વિસ્તાર, બ્લોક- એ/બી

પ્રથમ માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ

વિષય:પી.એમ.પોષણ યોજના હેઠળ બાલવાટીકાના લાભાર્થી બાળકોની AMS Portal પર ડેટા એન્ટ્રી કરવા બાબત.

સંદર્ભ: સંયુક્ત કમિ.શ્રી, પી.એમ.પોષણ યોજના(મ.ભો.યો.) નો તા.૨૨/૦૬/૨૦૨૩ પત્રક્રમાંક નં.મભય/અજન/ AMS Portal/૨૦૨૩/૧૦૯૭૫-૧૧૦૫૪.

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પી.એમ.પોષણ યોજના અંતર્ગત MDM AMS Portal/ AMS Mobile Application ઉપર શાળાઓ તરફથી ધોરણ ૧ થી ૮ નાં શાળામાં હાજર વિદ્યાર્થીની સાપેક્ષ પ્રતિદિન આપવામાં આવતા ભોજનના લાભાર્થી બાળકોની વિગતો આચાર્યશ્રી દ્વારા મોબાઇલ એપ્લિકેશનથી દર્શાવવાની હોય છે. પ્રતિદિનનાં લાભાર્થીઓની વિગતો આચાર્યશ્રી દ્વારા પોર્ટલ પર નિયમિત રીતે અપડેટ કરવી આવશ્યક અને ફરજીયાત છે.

ભારત સરકાર દ્વારા "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦" જાહેર કરવામાં આવેલ છે. જેમાં નિયત કરવામાં આવેલ માળખા મુજબ ૫(પાંચ) વર્ષથી ૬(છ) વર્ષની ઉંમરના બાળકો માટે ધોરણ ૧ પહેલાનું વર્ષ "બાલવાટીકા" તરીકે ઓળખાશે. જે અન્વયે શિક્ષણ વિભાગનાં ઠરાવથી દર્શાવેલ અમલીકરણની વિગતો અનુસાર નવા શૈક્ષણીક વર્ષ:૨૦૨૩-૨૪ માં પહેલી જુનના રોજ ૫ (પાંચ) વર્ષ પુર્ણ કરનાર બાળકોને "બાલવાટીકા" માં પ્રવેશ આપવામાં આવેલ છે.ધોરણ ૧ થી ૫ માં અભ્યાસ કરતાં બાળકોને પી.એમ.પોષણ યોજના હેઠળ જે પ્રમાણ/દર મુજબ ભોજન આપવામાં આવે છે, તે જ પ્રમાણ/દર મુજબ બાલવાટીકાનાં બાળકોને ભોજન આપવાનું નિયત કરવામાં આવેલ છે.

હાલમાં MDM AMS Portal/ AMS Mobile Application પર બાલવાટીકાનાં લાભાર્થી બાળકોની સંખ્યા દર્શાવવા માટે જરૂરી સુધારા વધારા કરવામાં આવેલ નથી. આથી જ્યાં સુધી પોર્ટલ પર જરૂરી સુધારાઓ કરવામાં ન આવે ત્યાં સુધી જ,માત્ર AMS Portal પર માત્ર ડેટા એન્ટ્રી કરવાના હેતુથી જ પી.એમ.પોષણ યોજના અંતગર્ત બાલવાટીકાના લાભાર્થી બાળકોનો સમાવેશ ધોરણ ૧નાં બાળકોમાં કરીને ધોરણ ૧ના વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવવા સંદર્ભ દર્શીત પત્રથી જણાવવામાં આવેલ જે સંદર્ભ દર્શીત પત્ર આસાથે સામેલ છે. જે સુચનાઓની અમલ વારી કરીને AMS Portal પર ડેટા એન્ટ્રી કરવા વિનંતી છે.

બિડાણ:- સંદર્ભદર્શિતપત્ર

નાયબ કલેક્ટર
પી.એમ.પોષણ યોજના(MDM)
અમદાવાદ શહેર

<u>નકલ રવાના :</u>

- નાયબ મ્યુનિ.કમિ.શ્રી, પી.એમ.પોષણ યોજના(મ.ભો.યો.) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન , દાણાપીઠ ,અમદાવાદ તરફ જાણ સારૂ.